### દાહોદથી હૃદયકંપી ઉઠી તેવી ઘટના : સાગડાપાડા ગામમાં કટારા ફળિયામાં રસ્તાના અભાવે પિતા બન્યા લાચાર

## પાકા રસ્તાના અભાવે પિતા દીકરીનો મૃતદેહ ખભા પર નાખી સ્મશાન સુધી લઈ ગયા

**ડબલ એન્જિનની સરકાર હજુ સુધી પાકો રોડ બનાવી શકી નથી, આ તે કેવો વિકાસ ?**

(પ્રતિનિધી) દાહોદ, તા.2

ગુજરાતમાં એક તરફ વિકાસ હરણફાળ ભરી રહ્યો છે તો બીજી તરફ ગુજરાતના જ કેટલાય એવા અંતરિયાળ વિસ્તારો છે કે જ્યાં પાકા રસ્તાના અભાવે તબીબી સેવા, શૈક્ષણિક સેવા અને અન્ય જીવન જરૂરિયાત સેવાઓની અછત આજે પણ જોવા મળે છે. જેમાં દાહોદ જિલ્લો ટોપ લીસ્ટમાં આવે તેમ કહીએ તો કોઇ નવાઇ નહિ.





બનાવની વધુ વિગત જોતા ૧૩ વર્ષની દીકરીનો મૃતદેહ ખભા પર બીમાર દીકરીનું મોત થતાં પાકા રસ્તા વગર પિતા દીકરીના મડદાને ખભા પર ઊંચકી કીચડમાંથી ઘરે લાવવા મજબૂર બન્યા. આઝાદીના ૮૦ વર્ષ પછી પણ હાલાકી પાયાની સુવિધાઓથી વંચિત આદિવાસી વિસ્તારમાં તંત્રના વિકાસના તમામ કાગળ પરના દાવાઓની પોલ ખૂલી-૧૦૮ સેવા પણ લાચારઃ ગામમાં જવાનો પાકો માર્ગ ન હોવાથી કીચડના કારણે ઈમરજન્સી એમ્બ્યુલન્સ કે કોઈ પણ વાહન પહોંચી શકતું નથી.દર્દીઓ ખાટલા પર જવા મજબૂરઃ છે ચોમાસાની ઋતુમાં ગામનો સંપર્ક તૂટતા સગર્ભા મહિલાઓ અને બીમાર દર્દીઓને ખાટલામાં ઊંચકીને મુખ્ય રોડ સુધી લાવવા પડે છે.નથી રસ્તો, નથી સ્મશાન. ગામમાં પાકો રસ્તો તો નથી જ, પરંતુ અંતિમ સંસ્કાર માટે નથી સ્મશાન કે નથી સ્મશાનગૃહ સુધી જવાનો પહોંચ માર્ગ મંત્રી અને સરપંચના વિસ્તારની દશાઃ સત્તાના ઉચ્ચ સ્થાને બેઠેલા સ્થાનિક નેતાઓ અને જનપ્રતિનિધિઓના પોતાના જ વિસ્તારમાં પ્રજા હાલાકી ભોગવવા મજબૂર અસંખ્ય રજૂઆતો છતાં તંત્ર બહેરુંઃ સ્થાનિક ધારાસભ્ય, સાંસદ અને સરપંચને વારંવાર લેખિત-મૌખિક આજીજી કરવા છતાં રજૂઆતો માત્ર ફાઈલોમાં જ ધૂળ ખાતી રહી. જનપ્રતિનિધિઓ સામે ભારે રોષ મોટા-મોટા વિકાસના પોલા દાવાઓ કરતી સરકાર અને નેતાઓને આ ગરીબ લોકોની પીડા કેમ નથી દેખાતી ગ્રામજનોની એક જ સ્પષ્ટ માંગઃ કાગળ પરની મંજૂરી બંધ કરી તાત્કાલિક ધોરણે ગામમાં પાકો ડામર/સીસી રોડ અને સ્મશાનની સુવિધા પૂરી પાડવામાં આવે.ઉગ્ર આંદોલનની ચીમકીઃ જો વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે કાયમી ઉકેલ લાવવામાં નહીં આવે તો સમગ્ર ગ્રામજનો ગાંધીચિંધ્યા માર્ગે રસ્તા પર ઊતરશે તે વાતને નકારી શકાય તેમ નથી.

### કાલોલ તાલુકા પંચાયત કોંગ્રેસમાં આનંદ છવાયો

## પક્ષના નેતા તરીકે કુલસુમબીબી કઠિયાની નિમણૂક કરાઈ



(પ્રતિનિધી) કાલોલ, તા.2

કાલોલ તાલુકા પંચાયત માં કોંગ્રેસ તરફથી ૨૩ વેજલપુર બેઠક પરથી ચૂંટાઈ આવેલા કુલસુમબીબી સલીમભાઈ કઠીયા ની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીતભાઈ ચાવડા દ્વારા કાલોલ તાલુકા પંચાયતના કોંગ્રેસ પક્ષ ના નેતા તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. કુલસુમબીબી ને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ, પંચમહાલ જિલ્લા કોંગ્રેસ, કાલોલ તાલુકા કોંગ્રેસ,વેજલપુર કોંગ્રેસ પરિવાર અને મતદારો તરફથી ખુબ ખૂબ અભિનંદન અને હાર્દિક શુભેરછાઓ પાઠવી કાલોલ સરદાર ભવન ખાતે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ અજિતસિંહ ભાટી, ભૂપેન્દ્રસિંહ ખેર, પ્રદીપસિંહ પરમાર, ગજેન્દ્ર સિંહ, નસીબદાર રાઠોડ, નરવતસિંહ પરમાર ની હાજરીમાં શુભેચ્છાઓ પાઠવી કાલોલ તાલુકા પંચાયત ના વિવિધ પ્રશ્ને મજબૂતાઈ થી, જાગૃત રહી સહયોગ આપવા નિષ્ઠા થી કાર્ય કરે તેવી શુભકામના પાઠવી છે

### વિદ્યાર્થીઓ અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા

## મોટી ઝરી-અસાયડી માર્ગ પર બગડેલા ટ્રકથી રસ્તો બંધ

**અસાયડીથી ગોધરા તરફ જતા વાહનચાલકોને મોટી મુશ્કેલી**

(પ્રતિનિધી) દાહોદ, તા.2

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના મોટી ઝરી ગામે ત્રણ રસ્તા નજીક અસાયડી તરફ જતા મુખ્ય માર્ગ પર એક મોટી ટ્રક (નંબર RJ-03-GA-6659) ફેલ થઈ જતા સમગ્ર રસ્તો અવરોધાઈ ગયો હોવાનું સામે આવ્યું છે. ટ્રક રસ્તાની વચ્ચે ઉભી રહી જતા અસાયડી તરફ અવરજવર કરતા સ્થાનિક લોકો, વિદ્યાર્થીઓ તેમજ વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



મોટીઝરી ખાતે પીપલોદ રોડ ઉપર મીની બસ સ્ટેશન આવેલું હોવાથી આ માર્ગ પર રોજ મોટી સંખ્યામાં મુસાફરો અને વિદ્યાર્થીઓની અવરજવર રહેતી હોય છે. રસ્તો બંધ થતાં લોકોને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આસપાસના ભાગમાંથી પસાર થવું પડી રહ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અસાયડી સહિત અનેક ગામોમાંથી ગોધરા તથા અન્ય વિસ્તારો તરફ આવતા-જતા લોકો માટે આ માર્ગ મહત્વપૂર્ણ છે. રસ્તો ખુલ્લો રાખવા માટે નજીકના ભાગને થોડો તોડીને અસાયડી તરફ જવા માટે કામચલાઉ માર્ગ બનાવવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. જોકે, સાંકડા અને કામચલાઉ રસ્તાના કારણે ફોરવ્હીલર સહિતના વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે.

### મહિલા મંડળના પાઠ અને ગુરુજીના વચનામૃત

## કાલોલ ખાતે 'પવિત્રા ધારણ ઉત્સવ' ભવ્યતાથી યોજાયો

(પ્રતિનિધી) કાલોલ, તા.2

શ્રીમદ્ દ્વારકાધીશ પ્રભુ અને શ્રી મહાપ્રભુજીની કૃપાથી મંગળવાર રોજ કાલોલના આંગણે આવેલ શ્રી દશામોઢ વણિક ની વાડી ખાતે 'પવિત્રા ધારણ ઉત્સવ' નું ભવ્ય અને ભાવસભર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં બપોરે ૪:૦૦ વાગ્યે તમામ પુષ્ટિમાર્ગીય મહિલા મંડળ દ્વારા પાઠનું સુંદર આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં બહેનોએ જોડાઈને ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. ત્યારબાદ સાંજે ૫:૦૦ વાગ્યે રવીકુમારજી મહારાજ (મથુરા-કાંકરોલી-વડોદરા-ભરૂચ), અ . સૌ શ્રીયાંગના વહુજી મહારાજ , મધુરમકુમાર મહોદય (વ્રજપાલ લાલજી) અ. સૌ. વૃજાંગના વહુજી સમેત વલ્લભકુળ



પરીવારની મંગલ ઉપસ્થિતીમાં પવિત્રા ધારણ ઉત્સવ યોજાયો હતો. આ શુભ પ્રસંગે કાલોલ તથા આસપાસના વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં વૈષ્ણવો ઉમટી પડ્યા હતા. ઉપસ્થિત સર્વ વૈષ્ણવોએ ગુરુજીને પવિત્રા ધરાવીને ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે મહારાજએ પોતાના મુખારવિંદથી વચનામૃતનું પાન કરાવી ઉપસ્થિત સૌ વૈષ્ણવોને આશીર્વચન પાઠવ્યા હતા.

### દાહોદની સલરા ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળાનો બનાવ

## ગંભીર અનિયમિતતાને ધ્યાને રાખી DEOની કારણ દર્શક નોટિસ ફટકારાઈ

**જિલ્લા શિક્ષણાધિકારી HSCમાં પણ ઓછી હાજરી સહિત (DEO) કચેરીએ કડક કાર્યવાહી**

(પ્રતિનિધી) દાહોદ, તા.2

મળેલા સ્માર્ટ બોર્ડ અને શાળા મંજૂરી વિના અન્ય સ્થળે ચલાવાતી હોવા ઉપરાંત પૂરતી ભૌતિક સુવિધાઓનો અભાવ, સરકારી યોજનાની 14 સાયકલોનું વિતરણ ન કરવું તેમજ જ્ઞાનકુંજ ફતેપુરા તાલુકાની સલરા લેપટોપ ઉપલબ્ધ ન હોવાનું સામે સ્થિત ઉત્તર બુનિયાદી માધ્યમિક આવ્યું છે. SSC બોર્ડ પરીક્ષા માટે શાળામાં ગંભીર શૈક્ષણિક અને નોંધાયેલામાંથી એકપણ વિધાર્થી



વહીવટી અનિયમિતતાઓ સામે પરીક્ષામાં હાજર ન રહેતા અને આવતા જિલ્લા શિક્ષણાધિકારી HSCમાં પણ ઓછી હાજરી સહિત (DEO) કચેરીએ કડક કાર્યવાહી અનેક ગંભીર ક્ષતિઓ નોંધાઈ છે. તપાસ દરમિયાન DEO કચેરીએ શાળાની નિભાવ રજિસ્ટરમાં 136 વિધાર્થીઓ ગ્રાન્ટ કાપવા અથવા નોંધણી રદ નોંધાયેલા હોવા છતાં સ્થળ પર માત્ર કરવાની કાર્યવાહી કેમ ન કરવી વિધાર્થીઓ હાજર મળ્યા હોવાનું અંગે ખુલાસો માંગ્યો છે. સંચાલક સામે આવ્યું છે. અન્ય શાળાના 27 મંડળ, આચાર્ય અને સંબંધિત સ્ટાફને વિધાર્થીઓને લાવી બોગસ હાજરી રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા દર્શાવવાનો પ્રયાસ થયો હોવાનો આદેશ આપવામાં આવ્યો છે.

## પીપલોદ-દેવગઢ બારીયા માર્ગ પર ટ્રેલર ફસાતા રોડ બંધ

(પ્રતિનિધી) દાહોદ, તા.2

પીપલોદ-દેવગઢ બારીયા માર્ગ પર ટ્રેલર ફસાતા રોડ બંધ થયો હતો. જેમાં સ્થાનિકોના જણાવ્યા મુજબ નાળાના કામ દરમિયાન વૈકલ્પિક સર્વિસ રોડ બનાવવામાં આવ્યો હતો, પરંતુ આ રોડ અત્યંત ઓછી ગુણવત્તાનો બનાવાયો હોવાના આક્ષેપો ઉઠ્યા છે. સર્વિસ રોડ પર યોગ્ય મજબૂતીકરણ કર્યા વગર માત્ર મેટલ નાખી દેવામાં આવતાં ભારે વાહનો માટે રસ્તો જોખમી બન્યો છે. પરિણામે ભારે ટ્રેલર ફસાઈ જતા સમગ્ર માર્ગ વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો.આ ઘટનાએ કામની ગુણવત્તા અને



કોન્ટ્રાક્ટરની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. તંત્ર દ્વારા તાત્કાલિક રસ્તો ખુલ્લો કરાવી જવાબદારો સામે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકોએ માંગ કરી છે.

## જાંબુઘોડા કોલેજમાં ગુજરાતી સાહિત્યના વિવિધ સ્વરૂપો પર એક દિવસીય પરિસંવાદ

(પ્રતિનિધી) જાંબુઘોડા, તા.2

ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગાંધીનગર તથા કેસીજી, અમદાવાદના 'રિસર્ચ, ઈનોવેશન એન્ડ એક્સટેન્શન ગ્રાન્ટ્સ ટુ ગવર્મેન્ટ કૉલેજિસ' પ્રકલ્પ અંતર્ગત જોરીયા પરમેશ્વર વિનયન અને વિજ્ઞાન કોલેજ, જાંબુઘોડાના ગુજરાતી વિભાગ દ્વારા એકદિવસીય પરિસંવાદ યોજાયો હતો. આચાર્ય ડૉ. સી. બી. રાઠવાના માર્ગદર્શન અને અધ્યક્ષપદે યોજાયેલા કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી થયો હતો. 'ગુજરાતી સાહિત્ય સ્વરૂપ'



વિષયક પરિસંવાદમાં ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરાના ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક ડૉ. નીતિન રાઠોડે 'પ્રમુખ કાવ્ય સ્વરૂપો : લાક્ષણિકતા, વિશેષતા અને વ્યાવર્તકતા' વિષય પર મધ્યકાલીન તથા અર્વાચીન ગુજરાતી કાવ્ય સ્વરૂપોની ચર્ચા કરી હતી. સી. એચ. ભીલ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, નસવાડીના પ્રાધ્યાપક વિજયસિંહ ઠાકોરે 'પ્રમુખ કથા સ્વરૂપો' વિષય પર નવલકથા અને ટૂંકી વાર્તાના સ્વરૂપલક્ષણો સમજાવ્યા હતા.

આચાર્ય ડૉ. રાઠવાએ સંસ્કૃત સાહિત્ય અને નાટ્યશાસ્ત્રના સંદર્ભ સાથે સાહિત્ય સિદ્ધાંતોની ઉપયુક્તતા સમજાવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક પ્રકાશભાઈ પરમારે અને આભારવિધિ ધર્મેન્દ્રભાઈ બારીયાએ કરી હતી. અંતે રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

### પોલીસે સ્થળ પરથી ૧૧,૧૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

## કાલોલના ગોળીબાર ગામની સીમમાં જુગારધામ પર પોલીસનો દરોડોઃ ૬ ઈસમો ઝડપાયા

( પ્રતિનિધિ ) કાલોલ,તા.2

કાલોલ તાલુકાના ગોળીબાર ગામની સીમમાં દોલતપુરા જવાના રોડ પર ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર કાલોલ પોલીસે દરોડો પાડીને ૬ ઈસમોને રમી રહ્યાં હોવાના આક્ષેપ સાથે રોકડા રૂપિયા તથા જુગારના સાહિત્ય સાથે ઝડપી પાડ્યા છે.

મળતી વિગતો અનુસાર, કાલોલ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે ગોળીબાર ગામની સીમમાં દોલતપુરા જવાના રોડ ઉપર જાહેર જગ્યામાં કેટલાક ઈસમો પાના-પત્તા વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર રેડ કરીને કોર્ડન કરી ૬ ઈસમોને પત્તા વડે જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં રોહિતભાઈ વખતસિંહ રાઠોડ ,દિનેશકુમાર



ઉર્ફે ગોટો કનકસિંહ પરમાર ,અલ્પેશભાઈ વિનોદભાઈ સોલંકી,ગણપતસિંહ માધવસિંહ રાઠોડ , વિનોદભાઈ રમેશભાઈ વણઝારા ,ધીરલભાઈ ડાહ્યાભાઈ નાયક તમામ રહે. કાલોલનો સમાવેશ થાય છે. પોલીસે દાવ પરથી રોકડા રૂ. ૫,૭૨૦/- તથા આરોપીઓની અંગઝડતીમાંથી મળી આવેલ રોકડા રૂ. ૫,૪૧૦/- એમ કૂલ મળીને રૂ. ૧૧,૧૩૦/- નો મુદ્દામાલ અને જુગારના પાના કબ્જે કર્યા છે.

### લીમખેડામાં જીવલેણ ઓવર લોડિંગ !

## પેસેન્જર વાહનોમાં છત ઉપર પણ સવારી, પોલીસ-આરટીઓ તંત્રના આંખ આડા કાન?

**જીવલેણ મુસાફરીના દ્રશ્યોથી રોડ સેફ્ટી સામે ગંભીર સવાલો ઉભા થયા**

(પ્રતિનિધી) દાહોદ, તા.2

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં જોખમી વાહન વ્યવહારને લઈને ગંભીર ચિંતા સામે આવી છે. તાલુકાના વિવિધ માર્ગો પર તુફાન, કુલઝર સહિતના વાહનોમાં મંજૂર ક્ષમતા કરતાં વધુ મુસાફરો બેસાડવા ઉપરાંત ભારે સામાન



ભરવામાં આવતો હોવાના આક્ષેપો ઉઠ્યા છે. કેટલાક વાહનોમાં તો મુસાફરોને છત ઉપર બેસાડીને જીવ જોખમમાં મૂકતી મુસાફરી કરાવવામાં આવતી હોવાની ચર્ચાએ રોડ સેફ્ટી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. એક તરફ સરકાર માર્ગ સલામતી અંગે જાગૃતિ અભિયાન ચલાવે છે,

ત્યારે બીજી તરફ ખુલ્લેઆમ ઓવરલોડ વાહનો દોડતા હોવાના આક્ષેપો વચ્ચે પોલીસ અને આરટીઓની કામગીરી સામે પ્રશ્નો ઉઠ્યા છે. સ્થાનિકોની માંગ છે કે પ્રાઈવેટ પાસિંગવાળા વાહનોનો મુસાફર પરિવહનમાં ઉપયોગ, RC મુજબ બેઠક ક્ષમતા, ઓવરલોડિંગ, ફિટનેસ, પરમિટ સહિતના દસ્તાવેજોની સઘન તપાસ કરવામાં આવે. ગ્રામજનો અને વાહનચાલકોમાં ચર્ચા છે કે 555 અકસ્માત સર્જાયા બાદ કાર્યવાહી કરવાને બદલે અગાઉથી વિશેષ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરી નિયમભંગ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવે. હવે સવાલ એ છે કે લીમખેડા પોલીસ અને આરટીઓ તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરશે કે કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોશે?

### નાણા ચૂકવવા બાબતે સરકારી કચેરીઓમાં બાબુઓ એકબીજાને ખો આપે છે

## ફતેપુરા-સુખસર તાલુકામાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોને એક વર્ષથી હકના નાણા આપવામાં ઠાગાઠૈયા

**શિક્ષકોને મળવા પાત્ર મોંઘવારી, પુરવણી બિલ ,ઉચ્ચતર પગાર તફાવતના તથા એરિયસના બિલોની અનેક રજૂઆતો છતાં પરિણામ શૂન્ય !**

(પ્રતિનિધી) સુખસર, તા.2

સરકાર દ્વારા શિક્ષકોને સરકારના નિયમો મુજબ મળવા પાત્ર નાણાં ચૂકવવાના પરિપત્રો થાય છે. પણ તે વાતને ફતેપુરા તથા સુખસર તાલુકામાં એક વર્ષ જેટલો સમય ગાળો પસાર થઈ ગયો હોવા છતાં ફતેપુરા તાલુકા તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં નહીં આવતું હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. શિક્ષણ શાખામાં પૂછતા જણાવે છે કે,ટીડીઓની સહીમાં આપ્યા છે જ્યારે તાલુકામાં તપાસ કરતા જણાવે છે કે,માહિતી પૂરતી આપતા નથી આમ એક બીજાને ખો આપી શિક્ષકોને કામગીરી કરાવવા માટે બધા જ વિભાગના અધિકારીઓ ચડી બેસતા હોવાની ચર્ચા સાંભળવા મળી રહી છે. શિક્ષક દ્વારા કદાચ કામગીરી વહેલા મોડી થાય તો નોટીસો આપી ખુલાસાઓ માંગવામાં આવે છે.અને તેમને એક વર્ષથી નાણાં નથી ચુકવાતા તો કોઈ નોટિસ નહીં કે કોઈ પગલા કેમ નહીં? નો શિક્ષકોમાં ગણગણાટ ચાલી રહ્યો છે. અને શિક્ષકોમાં થતી ચર્ચા મુજબ ફતેપુરા શિક્ષક તાલુકો ગુજરાત રાજ્યના કૃષિ મંત્રીનો તાલુકો હોવા છતાં અધિકારીઓ શિક્ષકોને આવી હેરાનગતિ કરતા હોય ત્યારે વિચારવા લાયક બાબત છે.

**પાછલા એક વર્ષથી પૈસા મળવાની રાહ જોઇએ છીએ**

અમો શિક્ષકોને સરકારના નિયમો અનુસાર પોતાના હકના મળવા પાત્ર નાણા મેળવવા માટે છેલ્લા એક વર્ષથી રાહ જોઈ રહ્યા છીએ. તેમજ આ નાણાં અમોને માર્ચ 2025 માં મળવાપાત્ર હતા.અને અમોએ આ હક્કના નાણાં મેળવવા માટે અનેકવાર રજૂઆતો પણ કરી ચૂક્યા છીએ.છતાં પણ આજ દિન સુધી નાણાં ચૂકવવામાં આવેલ નથી.
(વિરેન્દ્રભાઈ તાવીયાડ ,ફતેપુરા તાલુકા શૈક્ષણિક મહાસંઘના અધ્યક્ષ)